નવી સેવા વર્ષ–૨૦૧૪–૧૫.
ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, અમદાવાદની વડી કચેરીના નિયંત્રણ હેઠળની જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ, મહેસાણાના જીલ્લાના સુંઢિયા તાલીમ સેન્ટરના મકાન બાંધકામની નવી સેવા વર્ષ ૨૦૧૪–૧૫ ને વહીવટી મંજુરી આપવા બાબતે..

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૪/૭૪૭/ફ,
સચિવાલય,ગાંધીનગર,
તારીખ :– ૧૮/૦૭/ ૨૦૧૪.

વંચાણે લીધા :–

(૧) ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુજરાત રાજય,અમદાવાદનો પત્રક્રમાંકઃકજ/વહટ/૧૮૪/૨૭૯/૨૦૧૪,તા.૦૩/૦૫/૨૦૧૪ અને પત્રક્રમાંકઃકજ/વહટ/૨૨૩/૧/૨૦૧૩ ,તા.૪/૦૧/૨૦૧૪.
(૨) નાણાં વિભાગનો તા.૧૩/૦૫/૨૦૧૪નો પત્ર ક્રમાંકઃમકમ/૨૦૧૪/૧/ના.શા(ગૃહ).

ઠરાવ :–

ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, લાલ દરવાજા, અમદાવાદે તેમના નિયંત્રણ હેઠળના મહેસાણા જિલ્લાના જિલ્લા તાલીમ સેન્ટર, સુંઢિયાના મકાનના બાંધકામ અંગે નવી સેવા વર્ષ–૨૦૧૨–૧૩ માં રુા.૨.૨૨ કરોડ(અંકે રુપિયા બે કરોડ અને બાવીસ લાખ પુરા/–)ની નવી સેવા મંજુર કરવામાં આવેલ હતી. જે પૈકીના બાકી રહેલ રકમ નાણાં વિભાગની સ્થાયી સૂચના મુજબની વર્ષ ૨૦૧૪–૧૫ની ચાલુ બાબતમાં મંજુર ન કરતા નવી સેવા સને–૨૦૧૪–૧૫ના નાણાંકીય વર્ષ દરમ્યાન જોગવાઈ કરવાની દરખાસ્ત કરવા જણાવતાં,નવી સેવા વર્ષ–૨૦૧૪–૧૫ મા રુા.૧.૨૯ કરોડની નવી સેવા મંજુર કરી અંદાજપત્રમાં સમાવેશ કરવા ક્રમાંકઃ(૧) થી મળેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.ઉકત ક્રમાંકઃ(૨) ના નાણાં વિભાગના પત્રની સૂચનાનુસાર ડાયરેકટર જનરલશ્રી હોમગાર્ડઝ, ગુજરાત રાજય, લાલ દરવાજા, અમદાવાદે તેમના નિયંત્રણ હેઠળના મહેસાણા જિલ્લાના જિલ્લા તાલીમ સેન્ટર, સુંઢિયાના મકાનના બાંધકામ અંગે રુા.૧.૨૯ કરોડ(અંકે રુપિયા એક કરોડ ઓગત્રીસ લાખ પુરા/–) વર્ષ–૨૦૧૪–૧૫માં નવી બાબત તરીકે સમાવેશ કરવા નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૪–૧૫ની જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

// ૨ //

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા–અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૭) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૮) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૦) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૧૧) ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદે સૂચિત યોજના અંગે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે. અને યોજનાનો મૂળ હેતુ જળવાય તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.

(૧૨) અંદાજીત રકમમાં જો વધારો થાય તો નાણાં વિભાગની મંજુરી અચુકપણે લેવાની રહેશે.

(૧૩) નિયત થયેલ કામમાં વધારો ઘટાડો થાય તો સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરી લેવાની રહેશે.

(૧૪) આ બાંધકામની અંદર કમ્પાઉન્ડ વોલનો સમાવેશ કરી દેવાનો રહેશે.

(૧૫) આ બાંધકામ સમયમર્યાદામાં સંતોષકારક રીતે પૂર્ણ થાય તે માટેની મોનીટરીંગ વ્યવસ્થા ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, અમદાવાદની કક્ષાએ ગોઠવી અને કામની સમીક્ષા અંગે સમયાંતરે બેઠક યોજી આ અંગેનો અહેવાલ રજૂ કરવાનો રહેશે.

૨//. આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવામાં આવશે, અને તે હેઠળ ચાલુ વર્ષ–૨૦૧૪–૧૫ ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંકઃ | ૪૬ |
| (૨) મુખ્ય સદર | ૪૦૫૫–પોલીસ અંગે મુડી ખર્ચની જોગવાઈ. |
| (૩) પેટા મુખ્ય સદર | ૦૦ |
| (૪) ગૌણ સદર | ૨૧૧–પોલીસ આવાસન |
| (૫) પેટા સદર | ૦૬–HSG-51 હોમગાર્ડઝના મકાનોનું બાંધકામ. |
| (૬) ખર્ચનો પ્રકાર | આયોજન/મતપાત્ર |
| (૭) હેડ ચાર્જેબલ | ૪૦૫૫ ૦૦ ૨૧૧ ૦૬ |
| (૮) સ્કીમ કોડ | HSG-51 |
| (૯) પ્લાન કોડ | ૧૧૪૬૨૧ |

૩. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૨૨/ ૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સંજય પંડયા )
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,
(૧) કમાન્ડન્ટ જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુજરાત રાજય,ટ્રાન્સફરી હોસ્ટેલ,શાહીબાગ,અમદાવાદ.
(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત પોલીસ આવાસ નિગમ લિ.,ગાંધીનગર.
(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
(૪) જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની કચેરી,મહેસાણા.
(૫) અગ્રસચિવશ્રી, (ખર્ચ),નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) નાણાં સલાહકારશ્રી(ગૃહ) નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૭) બજેટ શાખા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૮) શાખા સિલેકટ ફાઈલ.